સરખેજ પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર

પ્રેસનોટ

પ્રતિબંધીત ચાઇનીઝ દોરી સાથે આરોપીને પકડી પાડતી સરખેજ પોલીસ સ્ટેશન ની સર્વેલન્સ સ્કોડ

આગામી મકરસંક્રાતીના તહેવાર અનુસંધાને અમદાવાદ શહેરમાં બહારથી ઘાતક ચાઇનીઝ દોરી લાવી ચોરી છુપીથી વેચાણ કરતા ઇસમો વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સારું મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલ સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઉત્તરાયણ તહેવાર અનુસંધાને ચાઇનીઝ દોરીનું વેચાણ તેમજ હેરાફેરી અટકાવવા સારૂ સુચના આપેલ જે માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોર્ડનાં પો.સ.ઇ વી.ડી.ડોડીયા તથા અ.હે.કોન્સ. ઇદ્રીશખાન સામંતખાન બ.નં.-૯૭૨૫ તથા હે.કો લક્ષ્મણસિંહ ગોવિંદસિંહ બનં-૪૬૦૪ તથા અ.હે.કો અજીતસિંહ પ્રભાતસિંહ બ.નં-૪૧૨૮ તથા પો.કો ખેમરાજદાન ભીમસંગ બનં-૧૩૧૫૬ તથા પો.કો સુરેશભાઇ ગગુભાઇ બનં-૯૭૭૩ પો.કોન્સ. રણજીતસિંહ સુખદેવસિંહ બ.નં. ૮૯૨૧ તથા લોક રક્ષક મયુરધ્વજસિંહ ભગીરથસિંહ બ.નં. ૧૧૪૮ તથા લોક રક્ષક ઇરફાન કાસમભાઇ બ.નં. ૮૮૭૪ તથા લોકરક્ષક કુલદિપસિંહ રાજેન્દ્રસિંહ બનં-૨૬૩ નાઓની ટીમ બનાવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાનમાં સાથેના લોકરક્ષક કુલદિપસિંહ રાજેન્દ્રસિંહ બનં-૨૬૩ નાઓને ખાનગી બાતમી હકીકત આધારે સરખેજ ગામ મોઇનપાર્કની સામે અયાઝ નામની દુકાન પાછળ પોતાનાં મકાન આગળ જાહેરમાં ખુલ્લી જગ્યામાં આરોપી નામે અઝરુદ્દીન ઉર્ફે યુનુશ સ/ઓ ઉસ્માનભાઇ મલેક ઉ.વ.૩૦ ધંધો-વેપાર રહેવાસી- જાંબુનાં ડહેલા પાસે,સરખેજ અમદાવાદ શહેર નાઓને કુલ્લે ૧૧૦/-રીલ કે જેની કિં-૨૨૦૦૦/- ની મતાના મુદામાલ સાથે પકડી અટક કરી સરખેજ પો.સ્ટે ગુ.ર.નં-૧૧૧૯૧૦૪૮૨૦૦૪૮ ધી ઇ.પી.કો કલમ- ૧૮૮ તથા જી.પી એકટ-૧૯૫૧ ની કલમ-૩૩,૧૧૩,૧૧૭,૧૩૧ મુજબ પ્રતીબંધીત ચાઇનીઝ દોરીના જાહેરનામા ભંગનો ગુનો દાખલ સારી કામગીરી કરેલ છે.